**ક્રિ.પ.અ.નં.૯૦૧/૨૦૨૧.**

**એ.ડીવી. ટ્રાફિક પો.સ્ટે. બી.ગુ.ર. નં.૧૧૧૯૧૦૫૧૨૧૦૨૭૬/૨૦૨૧**

**અરજદાર પટેલ ચંદ્રવદન બાબુભાઈ ની મુદ્દામાલ વાહન અશોક લેલેન્ડ કંપનીની ટ્રક ડમ્પર જેનો રજી.નં.જી.જે.૦૯–એ.વી.૨૭૮૯ પરત મેળવવા માટેની અરજી હેઠળ હુકમ:–**

૧. ક્રિ.પ્રો.કોડની કલમ–૪૫૧ અન્વયે હાલની અરજી ઉપરોકત મુદામાલ જે ઉપરોકત ગુન્હાના કામે કબજે કરેલ હોય, મુદામાલ પોતાના રોજબરોજનું સાધન હોવાનુ જણાવી, હાલની ફરીયાદનો નિર્ણય થવામાં સમય જાય તેમ હોય,પોલીસે તપાસના કામે મુદામાલ તરીકે ઉપરોકત મુદામાલ ને કબજે કરેલ હોય મુદામાલ જો પો.સ્ટેશનમાં એમનેએમ પડયો રહે તો તેના સ્પેરપાર્ટસને નુકશાન થાય તેમ હોય તેવા સંજોગોમાં તેઓને વચગાળાના ધોરણે મુદામાલ યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા માટેની માંગણી કરેલ છે.અરજી સબબ ત.ક.અ. નો અભિપ્રાય વંચાણે લીધો.

૨. ઉભય પક્ષોની હકીકતો જોતાં તેમજ રેકર્ડ પરની હકીકતોને લક્ષમાં લેતાં **વાહનની રજીસ્ટ્રેશન બુક** જોવામાં આવે તો તે અરજદારનાં નામે આ મુદ્દામાલ નોંધાયેલ છે. જેથી અરજદાર મુદ્દામાલના માલીક હોવાનું આ તબકકે ફલિત થાય છે.

૩. **નામ.સર્વોચ્ચ અદાલતે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ૨૦૦૨(૮) સુપ્રિમ ટુ–ડે પાના નં.પ૨પ** માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાન્તો ને લક્ષમાં લેતા મુદામાલ તપાસના કામે જરુરી ન હોય તો પોલીસ કસ્ટડીમાં રાખવુ ના જોઈએ.

૪. આ કામમાં ઉભયપક્ષોની રજુઆતો અને નામ.સર્વોચ્ચ અદાલતના ચૂકાદામાં સ્થાપિત કરવામાં આવેલ ગુણોત્તર અને કેસની હકીકતોને લક્ષમાં લેતા, મુદામાલ જયારે અરજદારની કંપનીના નામે હોય ત્યારે તેવા સંજોગોમાં વચગાળાના ધોરણે તેઓને શરતોને આધીન મુદામાલ પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ

જળવાશે, વળી તપાસના કામે મુદામાલની કોઈ આવશ્યકતા હોય તેવુ પણ જણાતુ નથી ,ત્યારે મુદામાલ પોલીસ કસ્ટડીમાં રાખવો ના જોઈએ, આ સંજોગોમાં હાલનો મુદામાલ પણ પો.સ્ટેશનમાં રાખવો ન્યાયોચિત જણાતુ નથી કે જયારે તેની કસ્ટડી અરજદારે માંગેલી હોય,વળી કેસનો ન્યાયી નિર્ણય થવામાં સમય જાય તેમ હોય ત્યાંસુધી મુદ્દામાલ પોલીસ કસ્ટડીમાં રાખવુ ન્યાયોચિત જણાતુ નથી. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચેનો હુકમ કરવામાં આવે છે.

## <u>// હુ ક મ //</u>

ઉપરોકત મુદામાલની કીંમતના દોઢી રકમના **(પાવતીમાં જણાવેલ રકમના દોઢી રકમ)** સધ્ધર જામીન ખેતીની જમીન ધારણ કરતા હોય તેવા અને તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી નીચેની શરતોને આધીન કેસનો ન્યાયીક નિર્ણય ના થાય ત્યાંસુધી વચગાળાના ધોરણે સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

<u>**શ ર તો:–**</u>

**અરજદારે,**

(૧) મુદામાલ આ કેસનો ન્યાયીક નિર્ણય ના થાય ત્યાં સુધી અન્ય કોઈ વ્યકિતને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવો કરાવવો નહિ.

(૨) આ અદાલત અગર તો અન્ય અદાલત આ ગુનાના કામે જયારે પણ મુદામાલ માંગે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહેશે.

(૩) મુદ્દામાલના ચાર કલર ફોટા અરજદારે પોતાના ખર્ચે પડાવી ત.ક.અ. ને સુપ્રત કરવા. ત.ક.અ. એ આ ફોટા ચાર્જશીટ સાથે સામેલ રાખવા.

(૪) મુદામાલ ભવિષ્યમાં ગુનાહીત કામે ઉપયોગ ના થાય તે રીતે ઉપયોગ કરવાનો રહેશે.

(૫) જામીન તથા બોન્ડ પો.સ્ટે. માં આપવા તથા તે પેપર ત.ક.અ. એ ચાર્જશીટ સાથે સામેલ રાખવા અને અત્રેની કોર્ટમાં જમા કરાવવા.

ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતોનો ભંગ થશે તો મુદામાલ જપ્ત કરવામાં આવશે.

આ હુકમની યાદી સંબંધિત પો.સ્ટે. ને ઈ–મેઈલ થી કરવી.

તા.૦૮–૦૭–૨૦૨૧
અમદાવાદ.

(વનરાજસિંહ આપાભાઈ ઘાઘલ )
કોડ નં.જી.જે.૦૦૮૯૧
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.